ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 04
દિવસ બાકી

# ગાંધીનગર સમાચાર

આપણું પોતાનું અખબાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૧૪, શનિવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### ● મેટ્રો સિટીમાં મતદાન ઓછું

દેશના મેટ્રો સિટીમાંથી ત્રણ મેટ્રો સિટીમાં મતદાન પ્રમાણમાં નબળું રહ્યું. દિલ્હી, મુંબઈ અને બેંગ્લોર ત્રણેયમાં મતદાન ૪૫ થી ૫૨ ની વચ્ચે થયું. જયારે એના પ્રમાણમાં ગ્રામીણ વિસ્તારોમાં બમ્પર મતદાન થયું છે. આવા વિરોધાભાસી મતદાનથી રાજકીય પ્રવાહો વધારે તેજ બન્યા છે. સંઘ-ભાજપમાં ઓછા મતદાનની મોટી ચર્ચા ચાલે છે.

### દેશમાં ચોમાસું નબળું રહેશે

પૂણે સ્થિત ઈન્ડિયા મેટ્રોલોજીકલ ડીપાર્ટમેન્ટની રીજીયોનલ કલાઈમેટ સેન્ટરની પહેલી આગાહી મુજબ આ વર્ષે દેશના ૮૦ ટકા વિસ્તારોમાં ચોમાસુ નબળું રહેવાની સંભાવના છે અમેરિકાના મધ્યભાગમાં અને બ્રાઝીલમાં સારા ચોમાસાની આગાહી છે. જયારે ભારત સહિત દક્ષિણ એશિયામાં નબળા ચોમાસાની આગાહી છે.

### યુનોમાં ભારતનો દબદબો

વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ ભારતનો સંયુકત રાષ્ટ્ર સંઘમાં પણ ડંકો વાગે છે. યુનાઈટેડ નેશનની વહીવટી પાંખની ચૂંટણીમાં અર્થાત આંતરરાષ્ટ્રીય નાર્કોટીકસ કંટ્રોલ બોર્ડની ચૂંટણીમાં ૫ વર્ષ માટે ભારતના ઉમેદવાર જગજીત પાવડીયા ભારે સરસાઈથી જીત્યા છે.

# જિલ્લામાં વિક્રમી વાવેતરના અંદાજો

## ખરીફ ઋતુના વાવેતર માટે ખેડૂતો સજ્જ : કપાસ-દિવેલા અને શાકભાજીના પાકો પર ખેડૂતોની નજર

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુ દરમિયાન આ વર્ષે પણ વિક્રમી વાવેતર થવાના અંદાજો સાથે તંત્ર એ પાક આયોજન આખરી કર્યું છે. આ ખરીફ પાક આયોજમાં આ વખતે પણ કપાસ તેમજ દિવેલાનું વિક્રમી વાવેતર થવાના અંદાજો સેવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં એક લાખ ૬૦ હજાર હેકટર વિસ્તારમાંથી ૧,૫૨,૦૦૦ હેકટર વિસ્તારમાં વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે. જેમાં ૭૦ હજાર હેકટરમાં કપાસ અને દિવેલાનું વાવેતર થશે તેવો અંદાજ છે. આ ઉપરાંત ૩૦ હજાર હેકટરમાં શાકભાજી પાકોનું વાવેતર થશે. આ ઉપરાંત મગફળી, જુવાર તેમજ અન્ય પાકોનું વાવેતર થવાના અંદાજો છે.

અખાત્રીજ એ ખરીફ વાવણી માટેનું વણજોયું મૂહૂર્ત માનવામાં આવે છે. ૩ જી મે ના રોજ અખાત્રીજ છે અને જિલ્લામાં આ વખતે સારા પાછોતરા વરસાદ બાદ આ વખતે સારૂ વાવેતર થવાના અંદાજો છે. આ વખતે પણ કપાસ, દિવેલાના બિયારણોનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ બને તે રીતે તંત્ર એ આખું આયોજન તૈયાર કર્યું હોવાનું જાણવા મળેલ છે.

પિયતની સુવિધાઓ છે તેવા વિસ્તારમાં કપાસની ખેતી વધુ થશે તેમ મનાઈ રહ્યું છે. ખરીફ ઋતુ આમ તો આકાશી ખેતી ગણાય છે. ખેતીમાં પરંપરાગત પાકોની પેટર્નમાં બદલાવ આવ્યો હોવાથી શાકભાજીના પાકોનું વાવેતર વધુ થશે તેમ પશુધન માટે ઘાસચારાનું વાવેતર પણ વધુ થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ખરીફ પાકોની વાવણી માટે ખેડૂતોએ તેમની તૈયારીઓ આરંભી દીધી છે.જેમાં ખેતરો ખાલી કરી અને ખેડ માટેની પૂરી તૈયારીઓ શરુ કરી છે. આ ઉપરાંત બિયારણો મેળવવા માટે પણ મીટ માંડીને લોકો બેઠા છે.

જિલ્લામાં એક લાખ ૪૦ હજાર હેકટર વિસ્તાર કરતાં વધુ વાવેતર થશે. જેમાં ૫૦ ટકા કરતાં પણ વધુ વાવેતર કપાસ અને દિવેલાના પાકનું જ થશે. કપાસ માટે માણસા તાલુકો સૌથી વધુ પ્રયોગશીલ તાલુકો ગણવામાં આવે છે. આ ઉપરાંત કલોલમાં પણ કપાસ અને દિવેલાનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર અને દહેગામમાં કપાસ દિવેલા તેમજ શાકભાજીના પાકોનું વાવેતર લગભગ સપ્રમાણ રહેશે તેમ માનવામાં આવી રહ્યું છે. ફેર રોપણીના પાકોનું વાવેતર પણ ૧૦ થી ૧૨ હજાર હેકટર વિસ્તારમાં થશે તેવા અંદાજો છે.

URGENT REQUIRE
Candidates For
MEDICAL COMPENSATION
USA Legal BPO Process
Having verbal english communication skill, able to work at night shift
(attractive Salary, Incentive, Food, Perks.)
Call - 9913826165
interview on 3pm onwards
Solution BPO Services
14, IT Tower - 1, Infocity, Gandhinagar
hr@solutionbposervices.com
www.solutionbposervices.com

# આજે રાહુલ ગાંધી ગુજરાતમાં

## અમરેલી, બોટાદ અને દેવગઢબારિયામાં સભા : કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા તથા ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત પણ રાહુલ ગાંધીની સાથે જોડાશે

અમદાવાદ, તા.૨૫

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પ્રચાર અર્થે તા. ૨૬-૪-૧૪ના રોજ અમરેલી, બોટાદ અને દેવગઢ બારીયા ખાતે જાહેરસભાને સંબોધન કરશે.

રાહુલ ગાંધી આવતીકાલે શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે ફોરવર્ડ સ્કુલ ગ્રાઉન્ડ, અમરેલી, બપોરે ૧૨:૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ગ્રાઉન્ડ, બોટાદ અને બપોરે ૩:૦૦ કલાકે મેંદરા ચોક, દેવગઢ બારીયા ખાતે જાહેરસભાને સંબોધન કરશે. રાહુલ ગાંધી તા. ૨૬ના શનિવારે સવારે ૧૦ વાગે અમરેલી ખાતે ફોરવર્ડ



હાઈસ્કુલના પટાંગણમાં યોજાયેલી જાહેરસભાને સંબોધન કરશે. રાહુલ ગાંધી અમરેલીની સભાને અનુલક્ષીને સજડ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ફોરવર્ડ હાઈસ્કુલના પટાંગણમાં સભા સ્થળ નજીક ખાસ હેલીપેડ બનાવવામાં આવ્યું છે. સુરક્ષા માટે એક એસપી, ૪ ડિવાયએસપી, ૮ પીઆઈ, ૪૦ પીએસઆઈ, ૪૦ મહિલા પોલીસ સહિત ૩૫૦નો સ્ટાફ બંદોબસ્ત માટે ફાળવાયો છે. આ ઉપરાંત ઘોડેસવાર પોલીસને પણ બંદોબસ્ત મુકાયા છે. રાહુલ ગાંધી સાથે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત પણ અમરેલી આવશે.

રાહુલ ગાંધીની અમરેલીની આ ત્રીજી મુલાકાત છે. અગાઉ યુવક કોંગ્રેસની ચૂંટણી વખતે અને ત્યારબાદ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી વખતે અમરેલીની મુલાકાતે આવ્યા હતા. બીજી તરફ રાજકોટ ખાતે કાલે રાત્રે ૮ વાગ્યે મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભાનું આયોજન કરવામાં આવ્યું છે. મવડી ચોકડી ખાતે યોજાનારી નરેન્દ્ર મોદીની સભાને ધ્યાનમાં રાખી રીંગ રોડ પરના રસ્તાઓ પર ટ્રાફીક અને વાહનનું નિયમન કરાયું છે. સભાના સ્થળની આસપાસના રોડ પર રાત્રે ૮ થી ૧૦ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

GIPS માં ભણતર, સોનેરી ભવિષ્યનું ચણતર



• નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
• ૫૦,૦૦૦ ચોમી.માં વિસ્તરેલું શાંત, હરિયાળું વાતાવરણ
• કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
• હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ

GANDHINAGAR International Public School
Gandhinagar • Demai • Siddhpur

Affiliated to UNIVERSITY OF CAMBRIDGE

Admission Open

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
ગાંધીનગર-માણસા હાઈવે, રાંધેજા,
ફોન : 9925017160, 079 23976821-22-23
visit us on : www.gipschool.com

Admissions Open From Nursery to 12th Sci-com Gujarati/English Medium

